15 / ૪૮

બઢતી અંગેની નીતિ સંદર્ભે શ્રી સી. એલ. મીના, સમિતી ધ્વારા રજૂ કરેલ અહેવાલ પરત્વે સૂચનો કરવા અંગે સમિતીની રચના કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
ઠરાવ ક્ર:-એસએલટી/૧૦૨૦૧૪/૮૯૯૩૦/ગર
સચિવાલય ગાંધીનગર
તા. ૨૨/૦૭/૨૦૧૪.

<u>પ્રસ્તાવના:-</u>

રાજય સરકારના વર્ગ-૧ થી વર્ગ-૩ના અધિકારીઓ/કર્મચારીઓને ઉપલી જગ્યાએ બઢતી આપવા માટે સામાન્ય વહીવટ વિભાગના વિવિધ ઠરાવો/પરિપત્રોથી નીતિ નિયત કરવામાં આવેલ છે. સરકારશ્રીના ઉકત ઠરાવો/પરિપત્રો ઘણાં જૂના હોવાથી રાજયના કર્મચારીઓ/અધિકારીઓ માટે બઢતી અંગેની સમીક્ષા કરી બઢતી અંગે એક સંકલીત નીતિ તૈયાર કરવા માટે શ્રી સી. એલ. મીના (નિવૃત્ત આઇ. એ. એસ.) પ્રમુખશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલના અધ્યક્ષપદે એક સમિતિની રચના કરવામાં આવી હતી. ઉકત સમિતિએ તમામ પાસાઓની વિચારણા કરીને તેમનો અહેવાલ રજૂ કરેલ છે.

૨. શ્રી સી. એલ. મીના, કમિટિના અહેવાલ/ભલામણો ઉપર વિચારણા કરવાની અને નીતિ ઘડતરની કામગીરી સરળ બને તે માટે માન. મંત્રીશ્રીઓની સમિતિ રચવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

## <u>ઠરાવ</u>

સરકારશ્રીની પુખ્ત વિચારણાને અંતે ઉપર્યુક્ત બાબતે વિચારણા કરવા માટે નીચે મુજબ ચાર માન. મંત્રીશ્રીઓની સમિતિની રચના કરવાનું ઠરાવે છેઃ-

| | | |
|---|---|---|
| (૧) | શ્રી નીતિનભાઈ પટેલ, માન. મંત્રીશ્રી(આરોગ્ય)........ | અધ્યક્ષશ્રી |
| (૨) | શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, માન. મંત્રીશ્રી(શિક્ષણ)........ | સભ્યશ્રી |
| (૩) | શ્રી સૌરભભાઈ પટેલ, માન. મંત્રીશ્રી(નાણા).............. | સભ્યશ્રી |
| (૪) | શ્રી નાનુભાઇ વાનાણી, માન. રા.ક.મંત્રીશ્રી(રમત-ગમત) ......... | સભ્યશ્રી |

૩. સમિતિ શ્રી સી. એલ. મીના, કમિટિના અહેવાલ/ભલામણો ઉપર વિચારણા કરી હાલની બઢતી અંગેની પ્રવર્તમાન નીતિના વિવિધ પાસાની ચકાસણી કરીને તેમની ભલામણો/સુચનો રજુ કરશે.

૪. સમિતિની કાર્ય અવધિ રાજ્ય સરકારના દ્વારા વખતો વખત નક્કી કરવામાં આવે ત્યાં સુધીની રહેશે.

૫. સમિતિનું વડું મથક ગાંધીનગર રહેશે. સમિતિની બેઠકો અધ્યક્ષશ્રી તેઓશ્રીને યોગ્ય લાગે તે સ્થળે અને સમયાંતરે બોલાવી શકશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સી. એમ. સદાદીયા)
સંયુકત સચિવ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

- નામદાર રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી, આરોગ્ય, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી, (શિક્ષણ), સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી, (નાણા), સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી, (રમત-ગમત), સચિવાલય, ગાંધીનગર.
- અન્ય તમામ માન. મંત્રીશ્રી /માન. રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (ક.ગ.), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગોના સચિવશ્રીઓ/અગ્ર સચિવશ્રીઓ/અધિક મુખ્ય સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત સીવીલ સર્વિસીઝ ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ.

.......................................

- પત્ર દ્વારા